પોષધવ્રતપદ્ધતિ.

ષધમાં લાગતા દોષોનો, તેમાં ભંડ ઉપગરણ રાખવાનો,
ડિલેહણ કરવાનો, પોષધ આદરવાનો, તેમાં કાર્ય કર-
વાનો, પરઠવવાનો અને પોષધ પારવાનો
વિસ્તાર સહિત વિધિ.

પ્રયોજક અને પ્રકાશક

શાહ ઉમરસી કાનજી (ભારાણી.)

(દેશળપુર-કંઠીવાળી-તાલુકે કચ્છ-માંડવી.)

પહેલી આવૃત્તિ પ્રત ૧૦૦૦
સંવત ૧૯૭૨ સને ૧૯૧૬

અમદાવાદ.

શ્રી " સત્યપ્રકાશ " મુદ્રણકળામંદિરમાં
શાહ ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપી.

મૂલ્ય અમૂલ્ય.

કાર્ય કરે વિધિ સહુ વળી. સંચે લાભ સહાય;
અવશ્ય ઉત્તમ ફળ મળે, કહે એમ ગુરૂરાય. ૧

ઉત્તમવ્રત અગિયારમું, નિયમ સહિત નર નાર;
સેવે ત્રિકરણ શુદ્ધિથી, પામે ભવજળ પાર ! ૨

દેખાદેખી જે કરે, સ્વાર્થ સાધવા કાજ;
તેને ફળ તેવું મળે, ભાખે સુજ્ઞ-સમાજ. ૩

પોષધવ્રતપદ્ધતિ.

પોસહને આગલે દિવસે શું શું ન કરવું ?

૧ પોસહ નિમિત્તે ચાંપી ચાંપી ખાય તો દોષ લાગે.

૨ પોસહ નિમિત્તે નખ કેશ ઉતારે તો દોષ લાગે.

૩ પોસહ નિમિત્તે દેશ સ્નાન સર્વ સ્નાન કરે તો દોષ લાગે.

૪ પોસહ નિમિત્તે કપડાં ધુવે તો દોષ લાગે.

૫ આગલી રાત્રે બ્રહ્મચર્ય ન પાળે તો દોષ લાગે.

૬ આગલી રાત્રે ચોખું ચૌવિહાર પચ્ચખ્ખાણ ન કરે તો દોષ લાગે.

ઉપર લખેલા દોષ આગલે દિવસે ન લાગે તે ખાસ ધ્યાનમાં રાખવું.

તેમજ

પોસહમાં બહુ મૂલાં કપડાં પેહેરવાં નહીં.

પોસહમાં ધાતુનાં વાસણ રાખવાં નહીં.

પોસહમાં પુરૂષોએ તથા વિધવા સ્ત્રીએ દાગીના પેહેરવા નહીં.

સૌભાગ્યવંતી સ્ત્રીઓએ જે દાગીના ન ઉતરી શકે (સૌભાગ્યપણાના ચિન્હ માટે પેહેરેલા હોય.) તે ઉપરાંત કોઈપણ દાગીના પેહેરવા નહીં.

પોષધમાં કેટલાં ઉપકરણો રાખવાં ?

૧ મુહપતિ. ૨ ગોછો. ૩ પથરણું. ૪ રજોહરણ. ૫ નાક–મોઢું વગેરે લુછવા સારૂ કપડાનો કટકો. ૬ લઘુ-નીતિ કરવાનું ભાજન તથા તેને સાફ કરવા સારૂ લુગડાનો કટકો.

પુરૂષોએ પોસહમાં શું શું વસ્ત્ર રાખવાં ?

પેહેરવા સારૂ સાડા પાંચ હાથ લાંબું બે હાથ પોહોળું વસ્ત્ર નંગ ૧

ઓઢવા સારૂ પાંચ હાથ લાંબું ને ત્રણ હાથ પોહોળું વસ્ત્ર નંગ ૧

શય્યા સારૂ પાંચ હાથથી વધારે લાંબાં ન હોય ને ત્રણ હાથથી વધારે પોહોળાઇનાં ન હોય તેવાં નંગ ત્રણ રાખવાં.

પુરૂષોએ સફેદ કપડાં શિવાય બીજાં કોઇ પણ જાતનાં રંગીન કપડાં વાપરવાં નહીં.

સ્ત્રીઓએ પોસહમાં કેવાં કપડાં વાપરવાં ?

પેહેરેવા સારૂ ચરણીઓ નંગ ૧ તથા કમખો નંગ. ૧

ઓઢવા સારૂ સાડલા અગર પછેડા નંગ બે.

માથાના કેશ બાંધવા સારૂ કડકો. ૧

શય્યા સારૂ નંગ ત્રણ સફેદ વસ્ત્ર (રંગીન વસ્ત્ર શય્યા સારૂ વાપરવાં નહીં.)

પડીલેહણ કરવાનો વિધિ !

૧ અતિ ઉતાવળે ઉતાવળે પડીલેહણ કરે તો દોષ લાગે.

૨ વસ્ત્રને ચોળે મસળે તો દોષ લાગે.

૩ વસ્ત્રને ઉંચી નીચી ત્રીછી ભીંતે અડાડે તો દોષ લાગે.

૪ વસ્ત્રને ઝાટકે તો દોષ લાગે.

૫ વસ્ત્ર અરાંપરાં વિખેરી નાખે અથવા પડીલેહણ અપડીલેહણ વસ્ત્ર ભેગાં રાખે તો દોષ લાગે.

૬ ઢીંચણ ઉપર કોણી રાખે તો દોષ લાગે.

૭ આકરૂં ગ્રહી થિર ન રાખે તો દોષ લાગે.

૮ વસ્ત્ર લાંબું રાખીને પડીલેહણ કરે તો દોષ લાગે.

૯ વસ્ત્રને ભૂમી ઉપર રગદોળે તો દોષ લાગે.

૧૦ વસ્ત્રને એકીફેરે આખું જોઈ લે તો દોષ લાગે.

૧૧ વસ્ત્ર તથા અંગને ધુણાવે તો દોષ લાગે.

૧૨ પડીલેહણ કરતાં પ્રમાદ આચરે તો દોષ લાગે.

૧૩ પડીલેહણ કરતાં કાંઇ શંકા પડે ને અનેરા પદાર્થ ઉપર ચિત્ત જોડે તો દોષ લાગે.

આ તેર પ્રકારની અપ્રસસ્ત વર્જવી.

પ્રસસ્તનો વિધિ આ પ્રમાણે છેઃ-

૧ વસ્ત્રને ઉંચું રાખવું.

૨ વસ્ત્રને આકરૂં ગ્રહી રાખવું.

૩ ઉતાવળ ન કરવી, સાંસતા થઇને કરવું.

૪ એક છેડાથી બીજા છેડા સુધિ બરાબર જોવું.

૫ જીવ ચઢયું જાણે તો થોડુંસું ખંખેરવું.

૬ ખંખેરતાં જીવ ન ઉતરે તો વસ્ત્રને થોડુંસું પુંજવું.

૭ વસ્ત્ર તથા શરીરને નચાવવું નહીં.

૮ વસ્ત્રને આમળવું નહીં ને કરચલી કરવી નહીં.

૯ થોડુંસું એ વસ્ત્ર અપડીલેહ્યું ન રાખવું.

૧૦ ઉંચે નીચે તીછે ભીંતે અડકાવવું નહીં.

૧૧ વસ્ત્રને ઝાટકવું નહીં.

૧૨ ત્રસાદિક જીવ દેખાય તો હથેલીમાં ગ્રહી તેને નિર્દોષ

જગાએ પરઠવવું. આ બાર પ્રકારની પ્રસસ્ત પડીલેહણ કરવી. જ્યાં અજવાળું પડતું હોય ત્યાં પડીલેહણ કરતાં વાતો કરવી નહીં. ઉપિયોગ રાખી સાવધાન પણે પડીલેહણ કરવું.

ચેતવણી.

જે દિવસે પોષધ કરવો હોય તેને આગલે દિવસે સાંજના ચોવિહાર પચ્ચખ્ખાણ કરવાથી ચોથભત્ત ઉપવાસ થયો કહેવાય છે. જે દિવસે પોષધ કરવો હોય તે દિવસે સવારમાંજ પોસહ કરવો. પ્રમાદમાં કાળ ગમાડવો નહીં.

જે વખતે પોસહ કરેલો હોય બીજે દિવસે ટાઇમે ટાઇમ સુધી પોસહ કરે તો આઠ પોહોરનો પોસહ. (અહોરાત્રનો) સંપૂર્ણ થયો કહેવાય છે.

પોસહ પ્રથમ પોહોરે કરવો જોઇએ.

સાત પોહરથી ઓછો પોસહ ન કરવો.

કારણ પ્રસંગે મોડો કરવામાં આવે તો બીજે દિવસે તેના પ્રમાણમાં દિવસ ચઢાવવો જોઇએ.

પોતાના ઘેરથી પોસહ કરવા સારૂ ઉપાસરામાં આવતાં બારણે નિસિહિ નિસિહી નિસિહી કહેવી.

પ્રથમ મુહપતિનું પછી ગોછાનું પછી રજોહરણનું અને પછી વસ્ત્રનું પડીલેહણ વિધિપ્રમાણે કરવું.

પોસહ આદરવાનો વિધ.

(નવકારથી તસ્સઉત્તરી) સુધીના પાઠ કહીને (ઇરીઆવહી) નો કાઉસ્સગ્ગ કરવો. પછી લોગસ્સ કહેવો.

એમ બે વખત પાઠ બોલવો. પછી ગુરૂવાદિકને સવિનયવંદના કરી અગ્યારમા વ્રતનું પચ્ચખ્ખાણ કરવું.

ગુરૂવાદિકનો યોગ ન હોય તો પોતાની મેળે પચ્ચખ્ખાણ નીચે મુજબ કરવું.

પૂર્વ તથા ઉત્તર દિશિ સન્મુખ રહીને શ્રી સિમંદિર સ્વામીને ત્રણ વખત તિખુત્તોનો પાઠ ભણી વંદના કરવી.

દ્રવ્યથકી—સાવજ્જ જોગ સેવવાનાં પચ્ચખ્ખાણ, ખેત્ર થકી આખા લોક પ્રમાણે, કાળ થકી (કાલ) દિવસ ઉગ્યા સુધી, ભાવ થકી આઠે કોટીએ ઉપિયોગ સહિત. અગ્યારમું પોષધવ્રત—અસણં પાણં ખાઇમં સાઇમંના પચ્ચખ્ખાણ. અબ્રહ્મચર્ય સેવવાનાં પચ્ચખ્ખાણ. મણીસોવનનાં પચ્ચખ્ખાણ. માલાવનગ વિલેવણનાં પચ્ચખ્ખાણ. સથમૂસલાદિક સાવજ્જ જોગનાં પચ્ચખ્ખાણ. જાવ અહોરત્તં પજ્જુવાસામિ, દુવિહં

તિવિહેણં, ન કરેમી—ન કારવેમી—મણસા વએસા કાએસા—કરંત ન જાણામી વએસા કાએસા તસ્સભંતે પડિક્કમામિ. નિંદામી ગરીહામિ અપાણં વોસિરામી.

પછી ત્રણ નમુત્થુણં કહેવાં.

પહેલું નમુત્થુણં સિદ્ધ ભગવંતનું.

બીજું નમુત્થુણં જયવંતા તીર્થંકરશ્રીનું.

ત્રીજું નમુત્થુણં ધર્મગુરૂ, ધર્માચાર્યજીનું.

પોસહવ્રતમાં દોષ લાગવાની નોંધ.

૧ વગર સમાચારીવાળાનું કામકાજ કરવું નહીં.

૨ પથરણું પાથર્યા વગર બેસવું નહીં.

૩ દિવસનું સુવું નહીં.

૪ શરીર ઉપરથી મેલ ઉતારવો નહીં.

૫ હિંસાકારી ઉપદેશ દેવો નહીં.

૬ મિસ્ત્ર કર્કશ કઠોર ભાષા બોલવી નહીં.

૭ આરિસામાં મુખ જોવું નહીં.

૮ વિકથા કરવી નહીં.

૯ શરીરની સુશ્રુષા કરવી નહીં.

૧૦ પુંજ્યા વિના ખરજ ખણવી નહીં.

૧૧ પરનિંદા કરવી નહીં.

૧૨ સંસારી બાબતની ચર્ચા કરવી નહીં.

૧૩ વિષય બુદ્ધિએ અંગ ઉપાંગ નિરખવાં નહીં.

૧૪ રૂપ—રંગ—ગીત ગાનમાં ચિત્ત જોડવું નહીં.

૧૫ સંસારનું કામ ચિંતવવું નહીં.

૧૬ ઉઘાડે મોંઢે બોલે તેની સાથે વાત કરવી નહીં.

૧૭ કોઇને ભય ઉપજાવવો નહીં.

૧૮ અવ્રતીની લાવેલ વસ્તુ વાપરવી નહીં.

૧૯ અવ્રતીને આવવા જવાનો આદેશ કરવો નહીં.

૨૦ ભંડ ઉપકરણ જોયા પુંજ્યા વિના વાપરવાં નહીં.

૨૧ માત્રુંઆદિ પરઠવવું હોય તો જમીન જોયા તપાસ્યા વગર પરઠવવું નહીં.

૨૨ પુંજ્યા જોયા વિના હાલવું ચાલવું નહીં.

૨૩ પુરૂષો જ્યાં બેઠા હોય ત્યાં બે ઘડી સુધી સ્ત્રીઓએ બેસવું નહીં.

૨૪ સ્ત્રી પુરૂષોએ રાત્રના એકજ જગાએ રહેવું નહીં.

કાર્ય કરવાનો વિધિ.

૧ આળસ તથા પ્રમાદ નહીં સેવતાં ધર્મધ્યાનમાંજ દિવસ કાઢવો.

૨ ગુરૂવાદિકનો યોગ હોય તો તેઓનો ઉપદેશ સાંભળવો તથા ભણવાનો અભ્યાસ કરવો.

૩ ભણવાનો ઉદ્યમ ન બની શકે તો લોગસ્સ અથવા નમુત્થુણંની માળા ફેરવવી.

૪ લોગસ્સ નમુત્થુણં ન આવડતાં હોય તો પાંચ પદની નોકરવાળી ગણવી.

૫ દિવસના ત્રણ પહોર વિતી જાય તો ચોથે પહોરે પડીલેહણ વિધિ સહિત કરવું (જુઓ પૃષ્ઠ ૫–૬)

૬ પડીલેહણ કરતાં પહેલાં વડેરા શ્રાવકને ખમાવી આજ્ઞા માગવી ને પછી જતનથી પડીલેહણ કરવું.

૭ પડીલેહણ કર્યા પછી નવકારથી તસ્સઉત્તરી સુધીનો પાઠ કહીને ઇરીઆવહીનો તથા ત્રીજા સમણ સૂત્રનો કાઉસ્સગ્ગ કરવો ને પછે લોગસ્સ કહેવો.

૮ ખાસ કારણ શિવાય બને ત્યાં સુધી સુવું નહીં, શરીરના કારણસર સુવું પડે તો પ્રથમ પોતાનું શરીર

આપુ પુંજવું, જ્યાં સુવું હોય ત્યાં ચારે બાજુએ જગ્યા પુંજવી. એક હાથથી પોહોળાઇમાં વધારે નહીં ને ત્રણ હાથથી વધારે લાંબી નહીં એવી પથારી કરવી, પછી ચત્તારી મંગલ કહેવા, ઉંઘમાં પુંજ્યા વિના પાસું ફેરવવું નહીં તથા હાથ પગ લાંબા ટુંકા પસારવા નહીં. સુઈને ઉઠયા પછી નવકારથી તસ્સઉત્તરી સુધીનો પાઠ કહીને ઇરીઆવહીનો તથા ચાર લોગસ્સ તથા પહેલા સમણસૂત્રનો કાઉસ્સગ્ગ કરવો, પછી લોગસ્સ કહેવો.

૯ લઘુનીતિ કહેતાં પેશાબ કરવાની જરૂર પડે તો આસનથી ઉઠતી વખતે આવશીઆ આવશીઆ આવશીઆ કહેવું. પછે જે ઠામ રાખેલ હોય તે પુંજવું ને તેમાં પેશાબ કરવો. પછે થાનકથી બાહુર જઇ નિર્દોષ જગા જોઇ પછે શક્રેંદ્ર મહારાજની પરઠવાની આજ્ઞા માગવી. પછે થોડો થોડો પરઠવવો અને વોસિરે વોસિરે વોસિરે કહેવું. પછે શક્રેંદ્ર મહારાજની આજ્ઞા પાછી સોંપવી. ઉપાસરાના બારણે નિસિહી નિસિહી નિસિહી કહેવું. પછે ભાજનને ઉધું રાખી નીચોરવું, થોડો વખત રહીને

લુગડાના કટકાથી લુવું ને સાફ કોરૂં કરવું. પછી નવકારથી તસ્સઉત્તરી સુધીનો પાઠ કરવો ને ઈરીઆવહી તથા પાંચમી સુમતીનો કાઉસ્સગ્ગ કરી પછી લોગસ્સ કહેવો.

૧૦ સાંજના બે ઘડી દિવસ હોય ત્યારે રાત્રીના માત્રું પરઠવવા સારૂ જગ્યા જોઇ રાખવી.

૧૧ દિવસ અસ્ત થવા આવે ત્યારે ખેત્ર વિશુદ્ધિનો વિધિ કરવો. નવકારથી તસ્સઉત્તરી સુધીનો પાઠ કહેવો ઇરીઆવહીનો કાઉસ્સગ્ગ કરવો; પછે લોગસ્સ કહી ત્રણ નમુત્થુણં કહેવાં.

૧૨ ખેત્ર વિશુદ્ધિનો વિધિ કર્યા પછી પ્રતિક્રમણની આજ્ઞા લેવી. છ આવશ્યક બોલતાં ન આવડતા હોય તો બીજા પાસે સાંભળવા.

૧૩ પ્રતિક્રમણ બોલાવી રહ્યા પછી મોંઢે શીખવાનો અભ્યાસ કરવો અગર શીખેલા પદાર્થ સંભારી સજ્ઝાય કરવી.

૧૪ પોહર રાત ગયા પછી ગાઢે શબ્દે બોલવું નહીં.

૧૫ રાત્રીના ચોથા પોહરમાં ધર્મજાગરણ કરવું તથા શ્રાવકના ત્રણ મનોરથની ચિંતવના કરવી.

૧૬ બે ઘડી રાત્રી હોય ત્યારે ખેત્ર વિશુદ્ધિનો વિધિ કરી પ્રતિક્રમણ બોલાવવું.

૧૭ દિવસ ઉગ્યા પછી ભંડ ઉપકરણ તથા વસ્ત્રનું વિધિ પૂર્વક પડીલેહણ કરવું (ઉપર લખેલ પાંચ છ પૃષ્ટ મુજબ.)

૧૮ કોઇ જીવની વિરાધના થઇ હોય તથા વનસ્પતિનો સંઘટ્ટો થયો હોય તથા વરષાદ ઝાકળના છાંટા શરીરે ફરસ્યા હોય તો તેની આલોયણા લેવી.

૧૯ પોસહ કારણસર મોડો આદર્યો હોય તો બીજે દિવસે તેના પ્રમાણમાં દિવસ ચઢાવવો.

૨૦ રાત્રના તથા વરસાદ કે ઝાકળ વર્ષતું હોય તો માથે ઓઢયા શિવાય બાંહર અગાશામાં નીકળવું નહીં.

પોષધ પારવાનો વિધિ.

નવકારથી તસ્સઉત્તરી સુધીનો પાઠ કહી ઇરીઆવહીનો કાઉસ્સગ્ગ કરી પછી લોગસ્સ કહેવો (પછી) એવા અગ્યારમા પરિપૂર્ણ પોષધ વ્રતના પંચ અઇયારા જાણિયવ્વા તસ્સમાયરિયવ્વા. તં જહા તે આલોવું છું. અપડિલેહિયં દુપડિલેહિયં સજ્જા સંથારાએ, અપમજ્જિયં દુપમજ્જિયં

સજ્જાસંથારાએ, અપડિલેહિયં દુપડિલેહિયં ઉચ્ચાર પાસવણભૂમી અપમજ્જિયં દુપમજ્જિયં ઉચ્ચાર પાસવણભૂમી, પોસહસ્સમં અણાણું પાલણયા તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમા વ્રતમાં આહારસંજ્ઞા—ભયસંજ્ઞા—મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા એ ચાર સંજ્ઞામાંની કોઇ સંજ્ઞા થઇ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમા વ્રતમાં સ્ત્રીકથા—ભત્તકથા—દેશકથા—રાજ કથા એ ચાર કથા માંહેલી કોઇ કથા કરી હોય તો તસ્સ-મિચ્છામિ દુક્કડં,

અગ્યારમા વ્રતમાં અતિક્રમ વ્યતિક્રમ અતિચાર અનાચાર જાણતાં અજાણતાં મન વચન કાયાએ કરી જ્ઞાન દર્શન ચારિત્ર તપ સંબંધી કોઈ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમા વ્રતમાં પડીલેહણ કરતાં માત્રું પરઠવવા જતાં ઉઠતાં બેસતાં હરેક પ્રકારે કોઇ પણ કાર્ય કરતાં પાપ દોષ લાગ્યો હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમા વ્રતમાં કાનો માત્રા મીંડી પદ અક્ષર ગાથા સૂત્ર ઓછું અધિક કે વિપરીત ભણાણું હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમા વ્રતમાં લાગતા દોષ માંહેલો કોઇ લાગ્યો તો તસ્સ મિચ્છામિ દુક્કડં.

અગ્યારમું વ્રત વિધિએ લીધું વિધિએ પાળ્યું વિધિ કરતાં અવિધિએ થયું હોય તો તસ્સમિચ્છામિ દુક્કડં.

અગ્યારમું પોષધ વ્રત સમકાએણં ફાસિયં પાલિ સોહિયં તિરિયં કિત્તિયં આરાહિયં આણાએ આણુપાલિ ન ભવઇ તસ્સમિચ્છામી દુક્કડં.

પછી ત્રણ નમુત્થુણં કહેવાં.

પારણાના દિવસે નીચે લખેલા બોલ પાળવા.

૧ બ્રહ્મચર્ય પાળવું.

૨ કાચીલીલોતરી ખાવી નહીં.

૩ સર્વ સ્નાન કરવું.

૪ રાત્રી ભોજન ન કરવું.

૫ સામાયિકનો ચોઘડીઓ કરવો,

॥ શ્રીરસ્તુ ॥